# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

***************************************************

1) લોકસભાએ કરવેરા કાયદા બિલ, 2025 અને આવકવેરા બિલ, 2025 ને ધ્વનિમતથી પસાર કર્યા.
2) લોકસભાએ રાષ્ટ્રીય રમતગમત વહીવટ બિલ, 2025 અને રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી બિલ 2025 પસાર કર્યા.
3) ભાજપે દેશમાં ચૂંટણી પ્રક્રિયા વિરુદ્ધ પાયાવિહોણા આરોપો અને જુઠ્ઠાણા ફેલાવવાનો આરોપ કોંગ્રેસ પર લગાવ્યો.
4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં સંસદ સભ્યોના નવા બનેલા બહુમાળી આવાસનું ઉદ્ઘાટન કર્યું
5) પ્રધાનમંત્રી પાક વીમા યોજના હેઠળ, દેશના 35 લાખથી વધુ ખેડૂતોને 3 હજાર 900 કરોડ રૂપિયાની રકમ આપી
6) પુણેના ખેડ તાલુકામાં, જીપ ખીણમાં ખાબકતાં સાત મહિલાઓના મોત થયા અને ૩૧ ઘાયલ

.........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# LS-INCOME TAX BILL

લોકસભાએ આજે કરવેરા કાયદા (સુધારા) બિલ, 2025 અને આવકવેરા (નંબર 2) બિલ, 2025 ને ધ્વનિમતથી પસાર કર્યા. બિહારમાં ખાસ સઘન સુધારા પ્રક્રિયા અને અન્ય મુદ્દાઓ પર વિપક્ષના સભ્યોના વિરોધ વચ્ચે કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે આ બિલો રજૂ કર્યા.

આવકવેરા (નંબર 2) બિલ, 2025 નો ઉદ્દેશ્ય આવકવેરા સંબંધિત કાયદાને એકીકૃત અને સુધારિત કરવાનો છે જ્યારે કરવેરા કાયદા (સુધારા) બિલ, 2025 આવકવેરા કાયદા, 1961 માં વધુ સુધારો કરશે અને નાણાં અધિનિયમ, 2025 માં સુધારો કરશે.

. . . . . . . . .

# LS-SPORTS GOVERNANCE BILL

બિહારમાં યોજાયેલી ખાસ સઘન સમીક્ષા સામે વિરોધ પક્ષના વિરોધ વચ્ચે, લોકસભાએ રાષ્ટ્રીય રમતગમત વહીવટ બિલ, 2025 અને રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી (સુધારા) બિલ, 2025 પસાર કર્યા.

રાષ્ટ્રીય રમતગમત વહીવટ બિલ રાષ્ટ્રીય રમતગમત સંસ્થાઓને માન્યતા આપવા અને તેમના કાર્યનું નિયમન કરવાની જોગવાઈ કરે છે. બિલમાં જોગવાઈ છે કે દરેક રાષ્ટ્રીય રમતગમત સંસ્થામાં એક સામાન્ય સંસ્થા હશે, જેમાં દરેક સંલગ્ન સભ્યના પ્રતિનિધિઓ અને કેટલાક

પદાધિકારીઓના સભ્યોની સમાન સંખ્યા હશે. આ બિલ કેન્દ્ર સરકારને એક રાષ્ટ્રીય રમતગમત બોર્ડ સ્થાપિત કરવાની સત્તા આપે છે.

રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી (સુધારા) બિલ, 2025, રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી અધિનિયમ, 2022 માં સુધારો કરવાનો પ્રયાસ કરે છે.

ચર્ચાનો જવાબ આપતા, યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે આ બિલો સ્વતંત્રતા પછી રમતગમત ક્ષેત્રમાં સૌથી મોટા સુધારા લાવશે. તેમણે કહ્યું કે આ બિલ રમતગમત ક્ષેત્રે દેશને જમીનથી આકાશ સુધી લઈ જવાનું સ્વપ્ન સાકાર કરશે.

. . . . . . . . .

# RS-MANIPUR BILLS

સંસદે બજેટ મણિપુર 2025-26, મણિપુર વસ્તુ અને સેવા કર-સુધારા બિલ, 2025 અને મણિપુર એપ્રોપ્રિએશન, નંબર 2 બિલ, 2025 ને મંજૂરી આપી દીધી છે. રાજ્યસભાએ આજે ચર્ચા બાદ આ બિલો લોકસભામાં પરત કર્યા.

રાજ્યસભામાં આ બિલો પર સંક્ષિપ્ત ચર્ચાનો જવાબ આપતા, કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે આ બજેટ મણિપુર રાજ્ય માટે મહત્વપૂર્ણ છે કારણ કે તે એક પૂર્ણ બજેટ છે અને આ બજેટ પસાર કરવું એ બધાની બંધારણીય જવાબદારી છે.

. . . . . . . . .

# Rajya Sabha-Merchant Shipping Bill

સંસદે મર્ચન્ટ શિપિંગ બિલ 2024 પસાર કર્યું છે. આ બિલ મર્ચન્ટ શિપિંગ એક્ટ 1958નું સ્થાન લેશે. આ બિલ દ્વારા મર્ચન્ટ શિપિંગ એક્ટમાં ઘણા સુધારા કરવામાં આવ્યા છે. આ બિલ ભારતીય શિપિંગના વિકાસ અને ભારતીય મર્ચન્ટ મરીન સેક્ટરની કાર્યક્ષમ જાળવણી સુનિશ્ચિત કરશે.

રાજ્યસભામાં આ બિલ પર ચર્ચા દરમિયાન, શિપિંગ, અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા 11 વર્ષમાં દરિયાઈ ક્ષેત્રમાં ઘણા સુધારા કરવામાં આવ્યા છે.

. . . . . . . . .

# Rs Goa  Bill,

સંસદે ગોવા રાજ્યના વિધાનસભા મતવિસ્તારોમાં અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિત્વનું પુનર્ગઠન બિલ, 2025 પસાર કર્યું છે અને રાજ્યસભાએ આજે તેને મંજૂરી આપી છે. લોકસભાએ ગયા અઠવાડિયે આ બિલ પસાર કર્યું હતું. આ બિલનો ઉદ્દેશ્ય અનુસૂચિત જનજાતિના સભ્યોની લોકશાહી ભાગીદારી માટે બેઠકોનું અનામત અને ગોવા રાજ્યની વિધાનસભામાં બેઠકોનું પુનર્ગઠન સુનિશ્ચિત કરવાનો છે.

કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જુનરામ મેઘવાલે જણાવ્યું હતું કે, વિધાનસભામાં  કુલ 40 બેઠકોમાંથી, ફક્ત એક બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત છે તેમજ આદિવાસી સભ્યો માટે કોઈ અનામત નથી. આ

બિલ ગોવા વિધાનસભામાં આદિવાસીઓને અનામત આપવા માટે રજૂ કરવામાં આવ્યું છે.

.........

# BJP- SIR- OPPOSITION PROTESTS

ભારતીય જનતા પાર્ટીએ દેશમાં ચૂંટણી પ્રક્રિયા વિરુદ્ધ પાયાવિહોણા આરોપો અને જુઠ્ઠાણા ફેલાવવાનો આરોપ કોંગ્રેસ પર લગાવ્યો છે. આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી  ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા દેશમાં પહેલીવાર નથી થઈ રહી.

(બાઈટ-ધર્મેન્દ્ર પ્રધાન)

આ દરમિયાન, વિપક્ષી સાંસદોએ આજે બિહારમાં મતદાર યાદી સુધારણા સામે સંસદ ભવન સંકુલથી ચૂંટણી પંચ કાર્યાલય સુધી વિરોધ કૂચ કાઢી હતી. સાંસદો તેને પાછી ખેંચવાની માંગ કરી રહ્યા હતા. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને પાર્ટી નેતા રાહુલ ગાંધી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-શરદ પવાર જૂથના વડા શરદ પવાર, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ, ઝારખંડ મુક્તિ મોરચાના નેતા મહુઆ માજી, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયન અને અન્ય નેતાઓએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

વિરોધ પ્રદર્શન દરમિયાન સંસદના ઘણા વિપક્ષી સભ્યોએ બેરિકેડ કૂદીને જવાનો પ્રયાસ કર્યો. કાયદો અને વ્યવસ્થા જાળવવાના પ્રયાસમાં, દિલ્હી પોલીસે કેટલાક સાંસદોની અટકાયત કરી.

. . . . . . . . .

# PM – MP FLATS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં બાબા ખરક સિંહ માર્ગ પર સંસદ સભ્યોને સંબોધન કર્યું. નવા બનેલા ટાઇપ-7 બહુમાળી આવાસનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે બોલતા, શ્રી મોદીએ કહ્યું કે 21મી સદીનો ભારત તેની જવાબદારીઓ પ્રત્યે સંવેદનશીલ છે. અને વિકાસની આકાંક્ષા રાખે છે. તેમણે કહ્યું કે 2014 થી, સંસદ સભ્યો માટે લગભગ 350 નવા આવાસો બનાવવામાં આવ્યા છે.

(બાઇટ - સંસદ ભવનમાં પીએમ - 29 સેકન્ડ)

શ્રી મોદીએ કહ્યું કે વિવિધ રાજ્યોના સાંસદો આ નિવાસસ્થાનોમાં સાથે રહી શકશે. આ એક ભારત વધુ સારા ભારતના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

(બાઇટ - એક ભારત શ્રેષ્ઠ ભારત પર પીએમ - 20 સેકન્ડ. )

. . . . . . . . .

# PM-Zelensky

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કી સાથે ટેલિફોન પર વાતચીત કરી. શ્રી મોદીએ તાજેતરના વિકાસ પર શ્રી ઝેલેન્સ્કીના મંતવ્યો સાંભળ્યા. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે તેમણે સંઘર્ષના વહેલા અને શાંતિપૂર્ણ ઉકેલની જરૂરિયાત પર ભારતનો મક્કમ વલણ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે ભારત આ સંદર્ભમાં શક્ય તેટલું યોગદાન આપવા તેમજ યુક્રેન સાથે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# RBI GOVERNOR MEHSANA

ભારતીય રિઝર્વ બેંક-RBIના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું, બેંકો લઘુત્તમ ખાતા બેલેન્સ નક્કી કરવા માટે સ્વતંત્ર છે. ભારતની બીજી સૌથી

મોટી ધિરાણકર્તા ICICI બેંકે તમામ ગ્રાહકો માટે માસિક લઘુત્તમ સરેરાશ બેલેન્સની જરૂરિયાત વધારી દીધા બાદ, RBIના ગવર્નર સંજય મલ્હોત્રાએ આ મુજબ જણાવ્યુ. મહેસાણાના ગોઝારીયામાં નાણાકીય સમાવેશી સંતૃપ્તિ ઝુંબેશ અંતર્ગત ગ્રામ પંચાયત સ્તરીય કાર્યક્રમમાં શ્રી મલ્હોત્રાએ કહ્યું, બચત ખાતાઓ માટે લઘુત્તમ બેલેન્સ મર્યાદા બેંકો દ્વારા નક્કી કરાશે કારણ કે આ નિર્ણય કોઈપણ નિયમનકારી અધિકારક્ષેત્ર હેઠળ આવતો નથી.

(બાઇટ : સંજય મલ્હોત્રા, RBI ગવર્નર)

.........

# SHIVRAJ - CROP INSURANCE

પ્રધાનમંત્રી પાક વીમા યોજના હેઠળ, દેશના 35 લાખથી વધુ ખેડૂતોને દાવાની ચુકવણી તરીકે ૩ હજાર ૯00 કરોડ રૂપિયાની રકમ આપવામાં આવી હતી.

આજે રાજસ્થાનના ઝુંઝુનુમાં એક કાર્યક્રમમાં, કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે પાક વીમા યોજનામાં વ્યાપક સુધારા કર્યા છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર ખેડૂતોની આવક વધારીને સમૃદ્ધ બનાવવા માટે સતત ઘણા નિર્ણયો લઈ રહી છે. કેન્દ્રીય મંત્રીએ ભેળસેળયુક્ત ખાતર અને બિયારણ વેચનારાઓની સામે નવા કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. આ પ્રસંગે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજન લાલ શર્મા પણ હાજર હતા.

.........

# PM - Pune accident

પુણે જિલ્લાના ખેડ તાલુકામાં, જીપ ૧૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકતાં સાત મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા અને ૩૧ ગંભીર રીતે ઘાયલ થયા. મુસાફરો, બધી મહિલા શ્રદ્ધાળુઓ ત્રીજા શ્રાવણ સોમવારના અવસરે કુંડેશ્વર મંદિરના દર્શન કરવા જઈ રહી હતી. ઘાયલોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જેમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં આ દુર્ઘટનામાં પોતાના પ્રિયજનો ગુમાવનારાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે ઘાયલો જલ્દી સ્વસ્થ થશે. પ્રધાનમંત્રીએ દરેક મૃતકના નજીકના સંબંધીઓને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાય આપવાની અને ઘાયલોને 50 હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી.

. . . . . . . . .